# ગુજરાતમાં પારો ૪૧થી ૪૪ વચ્ચે રહે તેવી સંભાવના

## સવારે ૧૦ વાગ્યા બાદ તીવ્ર ગરમી : અમદાવાદમાં પારો ૪૨.૬ ડિગ્રી નોંધાયો : લોકોએ બહાર નિકળવાનું ટાળ્યું

અમદાવાદ, તા. ૧૨

અમદાવાદ શહેરમાં આજે પણ આગઝરતી ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો પરંતુ શુક્રવારના સરખામણીમાં પારો નીચે ગયો હતો. જેથી લોકોને આંશિક રાહત થઈ હતી. આજે અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન ૪૨.૬ અને લઘુત્તમ તાપમાન ૨૬.૮ ડિગ્રી નોંધાયું હતું. આજે સૌથી વધુ ગરમીનો અનુભવ રાજકોટ થયો હતો. જ્યાં પારો ૪૨.૯ સુધી રહ્યો હતો. હવામાન વિભાગે માહિતી આપતા કહ્યું છે કે તંત્ર સંપૂર્ણપણે સાવચેત છે અને વિવિધ પગલાં પણ લેવામાં આવી રહ્યા છે. બીજી બાજુ અમદાવાદમાં અને સાથે સાથે રાજ્યના અન્ય ભાગોમાં પારો ૪૧ થી ૪૪ વચ્ચે રહી શકે છે. આગામી બે દિવસ માટેની આગાહીમાં આ મુજબની વાત કરવામાં આવી છે. આજે શનિવારના દિવસે ગરમી વચ્ચે રસ્તાઓ સુમસામ દેખાયા હતા. ગરમીના પ્રમાણમાં હજુ પણ વધારો થઈ શકે છે તેમ તમામ લોકો માની રહ્યા છે. જાણકાર લોકોના કહેવા મુજબ આજે બપોરના ગાળા દરમિયાન વર્તમાન સિઝનમાં સૌથી વધુ ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો.

વધતી ગરમી વચ્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગ દ્વારા પાણીજન્ય રોગચાળાને કાબુમાં લેવા વિવિધ પગલા લેવામાં આવ્યા હોવા છતાં નવા કેસ નોંધાઈ રહ્યા છે. પાણીજન્ય કેસની વાત કરવામાં આવે તો મે મહિનામાં ઝાડા ઉલ્ટીના ૧૭૩ કેસ સપાટી ઉપર આવ્યા છે જ્યારે કમળાના પાંચ જ દિવસમાં ૩૯ અને ટાઈફોઈડના ૫૫ કેસ સપાટી ઉપર આવ્યા છે. બીજી બાજુ મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો સાદા મેલેરિયાના પાંચ જ દિવસના ગાળામાં ૭૧ કેસ નોંધાયા છે. વર્ષ ૨૦૧૭માં મે મહિનામાં ૧૧૦૦ કેસ સાદા મેલેરિયાના નોંધાયા હતા. આ મહિનામાં ઝેરી મેલેરિયાના ત્રણ કેસો સપાટી ઉપર આવ્યા છે. દેશના કેટલાક ભાગોમાં હાલ વાવાઝોડા અને વરસાદનું સંકટ તોળાઈ રહ્યું છે ત્યારે ગુજરાતમાં ગરમી તીવ્ર બની છે. આજે સવાર થતાંની સાથે જ ૧૦ વાગ્યા બાદ તીવ્ર ગરમીનો અનુભવ લોકોને થવા લાગી ગયા હતા. બપોરે ગરમ હવાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. તંત્ર તરફથી પણ બિનજરૂરી રીતે લોકોને બહાર ન નિકળવા માટે સૂચના આપી દેવામાં આવી છે.

# બનાસકાંઠા જીલ્લાની ગૌશાળા અને પાંજરાપોળમાં સરકાર દ્વારા ૬ લાખ કી.ગ્રા ઘાસ વિતરણ કરશે

બનાસકાંઠા જીલ્લાની ગૌ શાળાઓ અને પાંજરાપોળો માટે સરકાર દ્વારા કુલ ૬ લાખ કી.ગ્રા. ઘાસ આપવામાં આવશે. જે પૈકી જીલ્લામાં ૧૨ ટ્રકો ઘાસની આવી ગઈ છે તેમજ તે ઘાસ ગૌ શાળાઓ અને પાંજરાપોળોને આપવામાં આવ્યું છે. ૬ જેટલી ટ્રકો રસ્તામાં છે તેમજ પુરવઠો પુરો થાય ત્યાં સુધી ઘાસની ટ્રકો આવ્યા કરશે. ઘાસ મળતાં બનાસકાંઠા જીલ્લાની ગૌ શાળાઓ અને પાંજરાપોળોના સંચાલકોએ સંતોષ વ્યકત કર્યો છે. થરાદ તાલુકાના મહાજનપુરા પાંજરાપોળના સંચાલક વસંતભાઈ દોશીએ પ્રતિભાવ વ્યક્ત કરતાં જણાવ્યું કે સરકાર દ્વારા અમારી પાંજરાપોળને બે ટ્રક ઘાસ મળ્યું છે જે ઘાસ સારૂ છે અને તેમણે કહ્યું કે આ ઘાસ એમ ગાયોને બે વખત નિરણ કર્યું છે તેને ગાયોએ આરોગ્યું છે. તેમણે સરકારનો આભાર વ્યકત કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે બનાસકાંઠા જિલ્લાના કલેકટર સંદીપ સાગલેએ જિલ્લાની ગૌશાળાઓ અને પાંજરાપોળોને સરકારના નિયમ મુજબ ઘાસચારા અને પાણીની સહાય આપવા પ્રતિબધ્ધતા વ્યક્ત કરી છે. તેઓએ જણાવ્યું કે બજારમાં જે ઘાસ પ્રતિ કિલોના રૂ. ૧૦.૦૦ પ્રમાણે મળે છે તે ઘાસ જિલ્લાની ગૌશાળાઓ અને પાંજરાપોળોને સંચાલકોની માંગણીને ધ્યાને લઈ રાહત દરે પ્રતિ કિ.લો. રૂ. ૨.૦૦ પ્રમાણે ઉપલબ્ધ કરાવવામાં આવશે. વધુમાં કલેકટરએ કહ્યું કે ગાયોને પીવાનું પાણી મળી રહે તે માટે સરકાર કટીબધ્ધ છે. તેમજ જયાં જરૂર હોય ત્યાં ટેન્કરથી પણ પાણી આપવામાં આવશે.





ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત ગ્રીષ્મોત્સવના પ્રારંભે દિવસની કાળઝાળ ગરમીથી બેચેન નગરજનોને સાંઈરામ દવે હાસ્યરસ પીરસીને અનોખી ઠંડક આપી હતી. અંગ્રેજી મીડીયમ તરફ વધતા ક્રેઝની સાથે માતૃભાષા અને વાંચનના મહત્વને બયાન કરતા ઉદાહરણો શ્રોતાઓ સમક્ષ રમુજી શૈલીમાં રજુ કરી સૌ કોઈને હાસ્યરસથી તરબોળ કરી દીધા હતા. આજના હાઈટેક અને ઝડપી યુગમાં તુટતા ડગલે અને પગલે તુટતા લગ્નજીવનના લીધે ખોરવાતી સામાજિક તંદુરસ્તીની દરકાર લેવા માટે પણ તેમણે હાસ્યરસમાં અનેક વાતો હળવાશથી રજુ કરી શ્રોતાઓને ગમ્મત સાથે સમાજઉપયોગી સંદેશો પાઠવ્યો હતો. ડી જેના ટ્રેન્ડ વચ્ચે વિસરાતા લગ્નગીતોને પણ જીવંત રાખવા સાથે અંગ્રેજી માધ્યમના આક્રમણને અટકાવવા પણ હળવી રમુજ સાથે દ્રષ્ટાતો પુરા પાડયા હતા. ગાંધીનગરના સ્વભાવ અને મિજાજ અંગે પણ તેમણે હળવી ટીપ્પણી કરતા જણાંવ્યુ હતુ કે કર્મચારીઓના હાથમાં ફાઈલનીસાથે ચહેરા પર સ્માઈલ હોય તે પણ જરૂરી છે. ગ્રીષ્મઋતુના ઓરેન્જ એલર્ટ વચ્ચે ગરમીથી ત્રસ્ત શ્રોતાઓને સાંઈરામ દવેએ હસાવી હસાવીને હળવા કરી દીધા હતા.

# જળસંચય અભિયાન આગામી ત્રણ વર્ષ સુધી ચાલશે : રૂપાણી

અમદાવાદ,તા. ૧૨

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ઝરખીયા ગામે સુઝલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત આકાશગંગા જળધારા ટ્રસ્ટની લોકભાગીદારીથી બનનાર સરકાર સરોવર તળાવનું ખાતમુહૂર્ત અને તક્તીનું અનાવરણ કરતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું હતું કે ગુજરાતમાં આગામી ત્રણ વર્ષ સુધી સુઝલામ સુફલામ જળ સંકટ અભિયાન ચલાવવામાં આવશે. સૌરાષ્ટ્રે પીવા તથા વાપરવાના પાણીની તકલીફો સહન કરી છે. આ પાણીની સમસ્યા કાયમી ધોરણે નિવારવા માટે વ્યાપક સ્વરૂપે અભિયાન ઉપાડેલું છે. પાણીની સંગ્રહશક્તિ વધારવા ૧૧૦૦૦ લાખ ઘનફૂટ પાણી વધારવું છે અને તે દિશામાં લક્ષ્યાંક મુજબ આગળ વધી રહ્યા છીએ. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે સૌની યોજના હેઠળ ૧૧૫ જેટલા ડેમોને નર્મદાની લાઈનો સાથે જોડીને કનેક્ટ કરવામાં આવશે અને વરસાદ અપૂરતો પડે તો નર્મદાના નીરથી ભરવામાં આવશે. પીવાના પાણીની અછત, દુષ્કાળ ભૂતકાળ બને તે રીતે સરકાર કામ કરી રહી છે. જમીનમાં પાણીના તળ ૨૦ફૂટ નીકળે તેવું લક્ષ્યાંક રહેલું છે. જળસંચય અભિયાન દ્વારા સર્વાંગી ફાયદો થશે. આપણે વિકાસમાં પાણીને પ્રાથમિક અગ્રતા આપી પર્યાપ્ત માત્રામાં પાણીનું સર્જન કરવા માંગીએ છીએ. ગુજરાતને પાણીદાર ગુજરાત બનાવવું છે. રૂપાણીએ કહ્યું હતું કે સૌરાષ્ટ્રના દરિયાકાંઠામાં દરિયાના ખારા પાણીને મીઠા બનાવવા માટે ૧૦પ્લાન્ટ નાખવામાં આવશે. ઈઝરાયેલ સહિતના અન્ય દેશોમાં ખારા પાણીને મીઠુ બનાવવામાં આવે છે. જામનગર જિલ્લાના જોડિયા ખાતે ૮૦૦ કરોડના રૂપિયાના ખર્ચે દરિયાના ખારા પાણીને મીઠુ બનાવવાના પ્લાન્ટ પર ટુંક સમયમાં જ કામ શરૂ થશે. જેની ટેન્ડર પ્રક્રિયા પુર્ણ કરી લેવામાં આવી છે. સરકાર પાણીના સ્ત્રોત વધારવા અને પાણીને રીચાર્જ કરવા આગળ વધી રહી છે. રૂપાણીએ એમ પણ કહ્યું હતું કે જળસંચય અભિયાનને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ૧૩ હજારથી વધુ તળાવો ઉંડા કરાશે.

# લગ્નના માંડવામાં બંને પક્ષો બાખડયા : જાન પાછી ફરી

શહેરના રામોલ વિસ્તારમાં ગઈકાલે યોજાયેલા એક લગ્ન પ્રસંગ દરમ્યાન સ્ટાઈલિશ ફોટોશૂટ કરવા જેવી સામાન્ય બાબતે દુલહન અને વરરાજા પક્ષ વચ્ચે થયેલી બબાલે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં લગ્નના સાત ફેરા ફર્યા વગર જ જાન લીલા તોરણે પાછી ફરી હતી. મનદુઃખ થતાં એક તબક્કે વરરાજાએ લગ્નની ના પાડી દીધી હતી અને બંને પક્ષો વચ્ચે સામસામે મારામારી થઈ હતી. બાદમાં કન્યા તરફથી રામોલ પોલીસ મથકમાં આ સમગ્ર ઘટના અંગેની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. અમરાઈવાડી વિસ્તારમાં આવેલ હબીબ શેઠની ચાલીમાં રહેતી અને ટીવાયબીકોમમાં અભ્યાસ કરતી નીલમ રાજેશભાઈ ચૌહાણે રામોલ પોલીસ સ્ટેશનમાં બે લોકો સામે ફરિયાદ કરી છે. નીલમની સગાઈ વસ્ત્રાલ વિસ્તારમાં આવેલી રામેશ્વર સોસાયટીમાં રહેતા સંજય રામચંદ્ર ચૌહાણ સાથે થઈ હતી. ગઈકાલે નીલમનાં સંજય સાથેનાં લગ્ન રામોલ વિસ્તારમાં આવેલ કુશાભાઉ ઠાકરે હોલમાં રખાયાં હતાં. રાતે નીલમનાં માતાપિતા અને સગાંસંબંધીઓ હોલ પર હાજર હતાં ત્યારે સંજય જાન લઈને આવ્યો હતો. જાનૈયાનું સ્વાગત કરીને જરૂરી પૂજા કરીને ભોજન સમારંભ શરૂ કર્યો હતો ત્યારે મોડી રાતના સાડા અગિયાર વાગ્યાની આસપાસ હોલના એક રૂમમાં નીલમનું ફોટોશૂટ ચાલતું હતું તે સમયે સંજય પણ રૂમમાં આવીને નીલમ સાથે ફોટા પડાવવા લાગ્યો હતો. સંજયે નીલમ સાથે અલગ અલગ સ્ટાઈલથી ફોટા પડાવવાનું કહ્યું હતું.



## વેકેશનમાં બાળકોનું બાળપણ રમતના બદલે મોબાઈલમાં કેદ

ભણતરના ભાર વચ્ચે બાળકોનું બાળપણ છીનવાઈ ગયું છે. બીજીબાજુ મોબાઈલ યુગમાં મોબાઈલ માણસો પર હાવી થઈ ગયો છે અને બાળકોના માનસપટ પર પંરપરાગત રમતોના બદલે મોબાઈલ ગેમને કબ્જો જમાવી દીધો છે. હાલ વેકેશનનો સમય ચાલી રહ્યો છે બાળકો બાળ સહજ મસ્તી અને રમતો રમવાના બદલે મોબાઈલમાં અવનવી ગેમ રમી રહ્યા છે. જાણે મોબાઈલમાં બાળકોનું બાળપણ કેદ થયું હોય તેવા ઠેર ઠેર દ્રશ્યો જોવા મળે છે. અરવલ્લી જીલ્લામાં આગ ઝરતી ગરમીમાં બાળકો લગ્નપ્રસંગોમાં મસ્તીના બદલે મોબાઈલમાં ગેમ રમતા કેમેરામાં કેદ થયેલા જોવા મળે છે.

### તન દુરસ્તી ● ચોથા પાનાનું ચાલું

છે અને બ્લડપ્રેશના દર્દીને રાહત મળે છે. આના હિસાબે સેક્યુઅલ એક્ટીવીટીમાં પણ ખૂબ જ અગત્યનો ફરક પડે છે. કારણ કે તડબૂચ એ નેચરલ વાયગ્રા છે એટલે વધારે પ્રમાણમાં તડબૂચ લેવાથી સેક્યુઅલ એક્ટીવીટીને પ્રમોશન મળે છે. એવી જ રીતે કેન્શરના દર્દીઓમાં પણ વધારે પ્રમાણમાં તડબૂચ લેવાથી કોઈ નુકસાન થતું નથી. સામાન્ય રીતે એન્ટીઓક્સીડન્ટ તરીકે વધારે જાણીતું ફળ હોય તો એ તડબૂચ છે. શરીરમાં થતાં સોજા માટે જેને ઈનફ્લામેશન તેમાં પણ સારી રીતે ફાયદો કરે છે. ૧૫૨ ગ્રામ તડબૂચમાં ૪૩ કેલરી હોય છે. ૦ ફેટ હોય છે, ૨ મિલિગ્રામ સોડિયમ હોય છે. ૧૧ ગ્રામ કાર્બોહાઈડેટ હોય છે, ૯ ગ્રામ ફાયબર હોય છે અને ૧ કપ તડબૂચના જ્યૂસમાં ૧૭ ટકા વિટામીન-એ હોય છે, ૨૧ વિટામિન-સી હોય છે, ૨ ટકા આયન હોય છે અને ૧ ટકા કેલ્શિયમ હોય છે. ટૂંકમાં બધી જ રીતે જોઈએ તો તડબૂચ અસરદાર છે. ઉનાળાનું ફળ છે, એટલે વારંવાર લેવું જોઈએ. હવે, સવાલ એ થાય કે તબડૂચ વધારે સારું જ છે એનામાં કોઈ ખરાબી નથી, એની કોઆ સાઈડ ઈફેક્ટ નથી. તો વધારે પ્રમાણમાં જો તડબૂચ લેવામાં આવે તો તેનાથી ઘણી વખત આડઅસર થતી હોય છે. જેમ કે, ઊલટી થવી અથવા ઊલટીનું ઉબકા આવવા. પેટમાં ગેસ ખૂબ જમા થઈ જતો હોય છે જેના લીધે પેટ ભારે થઈ જતું હોય છે. ઘણી વખતે વધારે પ્રમાણમાં ઝાડા થઈ જતાં હોય છે. એ સિવાય કોઈપણ પ્રકારની આડઅસર જોવામાં નથી આવતી. ટૂંકમાં એવું કઈ શકાય કે કોઈપણ પ્રકારનો રોગ હોય અથવા તો તંદુરસ્ત હોય બધાને માટે તડબૂચ અક્સીર છે. ખાવું જોઈએ, મન મુકીને ખાવું જોઈએ, ચિંતા છોડીને ખાવું જોઈએ. રૂપ ઉપર ન જતાં, ઋણ ઉપર જાવ. મનુષ્યના સ્વભાવમાં પડેલું જ છે કે રૂપ સારું હોવું જોઈએ, ગુણને તો અમે બદલી શકશું. પણ એવું થતું નથી. રૂપના છાયલે બેસીને ક્યારેય પણ શીતળતા મળતી નથી. એટલે તમારે ગુણ જોવા છે કે રૂપ જોવું છે એ બંનેમાંથી જે નક્કી કરવું હોય તે કરો.

sgpathlab@gmail.com
Mo. 9825583898

### મોરપીંછના રંગ ● ચોથા પાનાનું ચાલું

ફ્લોરીંગને એન્ટીબેક્ટેરીયલ મીટીરીયલથી બનાવવામાં આવ્યાં છે. ઓપરેશન થિએટરમાં મોટાભાગના યુરોપિયન, જાપાનીઝ અને અમેરિકનના લેટેસ્ટમાં લેટેસ્ટ સાધનો મુકવામાં આવ્યાં છે. સાધનોને સ્ટરીલાઈઝડ કરવા માટે ઈઝરાયલની ટુટનોર કંપનીની સેન્ટ્રલ સ્ટરીલાઈઝડ સિસ્ટમ ઉભી કરવામાં આવી છે. ઓપરેશનમાં વપરાયેલા કપડા સાધનો ઈન્સ્ટુમેન્ટ જેવી વસ્તુઓને સ્ટરીલાઈઝડ કરવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

કિરણ હોસ્પિટલમાં યુરોપ અને અમેરિકન લેવલનું મલ્ટીપેરામોનિટર વેન્ટિલેટર, ડિફેબ્રીલેટર જેવા આધુનિક સાધનોથી સજ્જ ૧૦ આઈસીયુ બનાવવામાં આવ્યાં છે. જેમાં ૧૨૫ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. તમામ બેડ અલગ ક્યુબિકલમાં છે. જેથી ત્રણ બાજુ આસપાસ દેખાય નહીં તેવા કાચ છે. અત્યંત ચેપી રોગ હોય તો દર્દીને અલગ સુવડાવવા માટે આઈસોલેશન રૂમ પણ છે. આઈસીયુમાં દાખલ થનાર દર્દીના સગાવહાલાં એસી લોકેબલ ક્યુબિકસની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. કિરણ હોસ્પિટલમાં સેન્ટ્રલ એસી મુકવામાં આવ્યું છે. હોસ્પિટલના તમામ એસીની હવા સીધી બહાર નહીં આવે જોકે એસીની હવા એક નિયત જગ્યાએ આવશે. જ્યાં તેને જંતુમુક્ત કરાશે. આ જગ્યાને એએચયુ નામ આપવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય નિયમો અનુસાર એએચયુમાં પાંચ માઈક્રોન ફિલ્ટર્ડ દ્વારા હવા જંતુમુક્ત કરાશે. અને ત્યારબાદ જે તે ફ્લોર પર મોકલવામાં આવે છે.

કિરણ હોસ્પિટલમાં તમામ જગ્યાએ નર્સ કોલિંગ સિસ્ટમ લગાવવામાં આવી છે. અમેરિકાની કંપનીની ઈન્ટરનેશનલ લેવલની લેટેસ્ટ ટેક્નોલોજી ધરાવતી આ સિસ્ટમ હોસ્પિટલમાં લગાવવામાં આવી છે. આ સિસ્ટમમાં દર્દીના બેડ પરથી નર્સ અને ડોક્ટરને તાત્કાલીક મદદ માટે મેસેજ મોકલી શકાય. જો નિશ્ચિત સમયમાં કોલ એટેન્ડ ન થાય તો તેની જાણ તાત્કાલીક એડમિનિસ્ટ્રેટીવ ઓફિસને થશે.

આ એવી હોસ્પિટલ હશે કે જયાં ઉદ્યોગપતિ, એનઆરઆઈ, મોટામાં મોટા વેપારીથી લઈને સામાન્ય માણસ પણ સારામાં સારી સારવાર મેળવી શકશે. આ હોસ્પિટલ તંત્રએ એક ઈન્શ્યોરન્સ કંપની સાથે ટાઈ-અપ કર્યું છે. આ કંપની અન્ય કંપનીની તુલનામાં અડધાથી ઓછા દરે લોકો પાસેથી પ્રિમિયમ લેશે. સાથે જ ટ્રસ્ટ સાથે સંકળાયેલા કાર્યકર્તાઓ લોકોને મેડિકલેમનું મહત્વ સમજાવશે. અન્ય ખર્ચમાં કાપ મુકીને મેડિકલેમનું સામાન્ય પ્રિમિયમ ભરીને સારામાં સારી સારવાર સૌથી અદ્યતન હોસ્પિટલમાં લઈ શકાશે. હાલ ૧૦ લાખ પરિવારોને મેડિક્લેમ હેઠળ આવરી લેવાનો લક્ષ્યાંક રખાયો છે. આમ એક પરિવારના ૪ સભ્યોની સરેરાશ મુજબ ૪૦ લાખ લાકો શ્રેષ્ઠ સારવાર મેળવી શકશે.

આ હોસ્પિટલમાં કેટલીક વિશિષ્ટ સેવાઓ ઉપલબ્ધ છે જેવી કે એક્સીડેન્ટ ઈમરજન્સીકેર (તાત્કાલીક સારવાર), કાર્ડિયોલોજી, કાર્ડિયાક સર્જરી (હૃદયરોગ વિભાગ), એનેસ્થેસિયોલોજી, ક્લીનીક રીસર્ચ , ડર્મેટોલોજીકોસ્મેટોલોજી(સ્કીન વિભાગ), ડેન્ટલ સર્જરી, એન્ડોક્રાઈનોલોજી (ડાયાબીટીસ,અંતસાવનરોગ વિભાગ) , ઈએનટી (કાનનાક ગળાનો વિભાગ), ગેસ્ટ્રોસેનટરોલોજી, ગેસ્ટેરોસર્જરી(પેટનો વિભાગ), જનરલ સર્જરી, જનરલ મેડીસીન, ન્યુરોલોજી (મગજનો વિભાગ), ન્યુરો સર્જરી (મગજના ઓપરેશન વિભાગ ), નેફ્રોલોજી, ડાયાલીસીસ (કીડનીવિભાગ), ઓપ્થેલ્મોલોજી(આંખ નો વિભાગ), ઓબ્સેટ્રીક્સ,ગાયનેકોલોજી (પ્રસુતિ-સ્ત્રીવિભાગ), ઓર્થોપેડીક સર્જરી (હાડકાનો વિભાગ), મેડીકલ ઓન્કોલોજી(કેન્સર વિભાગ), હીમેટોઓન્કોલોજી(બ્લડકેન્સર), રેડિયેશનઓન્કોલોજી (કેન્સર શેક વિભાગ), પિડિયાટ્રીક, નિયોનટોલોજી(બાળકો,નવજાતશીશુવિભાગ), સાયકિયાટ્રીક(માનસીકરોગવિભાગ), પ્લોમોનોલોજી(ફેફસાના રોગ), પ્લાસ્ટીક સર્જરી, પેથોલોજી લેબોરેટરી-બ્લડબેંક વગેરે આપવામાં આવે છે.

દરેક માનવીને સસ્તી ને સારી સારવાર મળે તે મંત્રને સિધ્ધ કરવા માટે સૌ દાતા અને ટ્રસ્ટીઓની મહેનતથી બનેલી આ હોસ્પિટલમાં અનેક લોકોએ દાન આપ્યું છે. ગુજરાતના લાખો પરીવારોને જોડવા માટે એક વિશેષ મેડીકલ પોલીસીનું આયોજન કરવામાં આવ્યું.

### તળાવ ઉંડા કરશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રતનપુર અને શાહપુર ખાતે આ કામગીરી હાથ ધરવામાં આવશે તેમ બારૈયાએ વધુમાં જણાવ્યું હતું.

જિલ્લામાં જળસંચય અભિયાન અંતર્ગત સોમવાર સુધીમાં બધાજ કામો શરૂ કરવા માટે પ્રભારી સચિવે કરેલી કડક તાકીદ પછી છેલ્લા બે દિવસમાં બાર જેટલા સ્થાનોએ તળાવ ઊંડા કરવાની કામગીરી ગાંધીનગર તાલુકામાં હાથ ધરાઈ છે.

આ જ સમીક્ષા બેઠકમાં મનપાને પણ શહેર નજીકના ગ્રામ્ય વિસ્તારમાં સહયોગ આપવા મળેલ સૂચનાને પગલે મનપા દ્વારા ૪ તળાવ ઊંડા કરી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે પૈકી બે ની કામગીરીનો આરંભ પણ થઈ ચુક્યો છે.

### કેમ્પ યોજાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટીમ દ્વારા આ એસેસમેન્ટ કરવામાં આવશે. ૪૦ ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા લોકોનું એસેસમેન્ટ આ કેમ્પમાં થશે.

તેમણે કહ્યુ હતુ કે એસેસમેન્ટ પ્રક્રિયા સંપન્ન થયા બાદ જે સાધન સહાયપાત્ર દિવ્યાંગો હશે તેમની અલગથી યાદી બનાવી અને તેમને એલીમ્કો જબલપુર દ્વારા આ સાધનો પુરા પાડવામાં આવશે.

ડૉ. સોલંકીએ જણાવ્યુ હતુ કે આ એસસમેન્ટ ટીમમાં ગાંધીનગર જિલ્લાના પણ વિવિધ નિષ્ણાતો ખાસ ઉપસ્થિત રહી સેવાઓ આપનાર છે. આ એસેસમેન્ટ કેમ્પ અંગેની સંપૂર્ણ તૈયારીઓ તંત્ર દ્વારા પુરી કરી લેવામાં આવી હોવાનું પણ તેમણે કહ્યુ હતુ.

### કુલર બંધ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાણીના પરબની વ્યવસ્થા કરે છે. જયારે ડેપો જેવા જાહેર સ્થળો પર પીવાના પાણીની વ્યવસ્થા પણ થઈ શકતી નથી. ડેપો સંકુલમાં પાયાની સુવિધાઓના અભાવ વચ્ચે મુસાફરોએ અનેકવાર હાલાકી વેઠવાનો વારો આવે છે. પરંતુ ગરમીના દિવસોમાંપાણી માટે પણ યોગ્ય વ્યવસ્થા કરવાની તસ્દી ન લેવાય તે વાત પાટનગરવાસીઓ માટે આશ્ચર્યજનક છે. ડેપોને હાઈટેક બનાવવાની વાતો વચ્ચે માળખાગત સુવિધાઓ પણ ખાડે ગઈ છે. ડેપો સંકુલમાં ત્વરિત પીવાના પાણીની વ્યવસ્થા કરવા વોટર કુલરનુ સમારકામ કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

### પ્રતિજ્ઞા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જળસંચય માટેની પ્રતિજ્ઞા લીધી હતી. સમદર્શન આશ્રમના પુ ગુરુમાએ જળ એ જ જીવનના અભિગમને વેગ આપવાના ઉમદા આશયથી પાંચ હજારથી વધુ શ્રોતાઓને પાણીનો વેડફાટ ન થાય અને જળનો વિવેકપુર્વક ઉપયોગ થાય તે અંગે પ્રતિજ્ઞા કરી હતી. કલ્ચરલ ફોરમ દ્વારા ગાંધીનગરમાં કલા અને સાહિત્ય ક્ષેત્રે રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ નોંધપાત્ર યોગદાન ધરાવતા પાંચ વિશિષ્ટ મહાનુભાવોનુ સન્માન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિવૃત અધિકારી પદ્મશ્રી એસ એસ રાઠોર, કવિશ્રી દલપત પઢીયાર, નાટ્યકાર-દિગ્દર્શક પ્રકાશ લાલા, સિનિયર એક્ટર અખતર સૈયદ અને સંગીતકાર-આયુર્વેદાચાર્ય શ્રી કેદાર ઉપાધ્યાયને મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે ગાંધીનગર ગૌરવ સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તબક્કે તેમણે જણાવ્યુ હતુ કે કલ્ચરલ ફોરમ ગાંધીનગરનુ ઘરેણુ છે. આ સંસ્થા સંસ્કૃતિ માટે પ્રવત છે. પશુઓની કોઈ સંસ્કૃતિ હોતી નથી માટે જ મનુષ્ય પશુથી અલગ પડે છે. સર્વ પ્રકારની કલા સંગીત ચિત્ર સાહીત્ય વાંચનથી શોભે છે. માત્ર ખાવુ , પીવુ કમાવવાથી માણસને સંતોષ થતો નથી જીવનમાં ઉલ્લાસ કલાથી આવે છે જીવન હર્યુભર્યુ રહે છે. કલ્ચરલ ફોરમ ગાંધીનગરની શોભા છે. રજતજયંતિ મહોત્સવની ઉજવણીનો ઉત્સાહ અત્યારથી જ વર્તાય છે. આ પ્રસંગે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાંવ્યુ હતુ કે કલ્ચરલ ફોરમે નગરના ગૌરવવંતા સીતારાઆને બિરદાવ્યા છે. આ પાંચ માંથી ચાર નિવૃત સરકારી અધિકારીઓ છે. તેમણે આ મહાનુભાવોને રાજય સરકાર વતી અભિનંદન પાઠવી ગુજરાતનુ નામ વધુ ઉંચુ લઈ જશે તેવી આશા વ્યકત કરી હતી. ગાંધીનગર માત્ર સરકારી નગરમાંથી સાંસ્કૃતિક નગર તરીકે ઉભરી આવે તે માટે કલ્ચરલ ફોરમે નોંધપાત્ર યોગદાન આપ્યુ હોવાનુ જણાંવી સંસ્થાની કામગીરીને બિરદાવી હતી. સમગ્ર દેશ દુનિયામાં કલ્ચરલ ફોરમની નવરાત્રિ મહોત્સવની ઉજવણી વિશેષ આકર્ષણ ધરાવે છે. આગામી વર્ષ ૨૦૧૯ માં સંસ્થાના ૨૫ વર્ષની ઉજવણી કરવામાં આવનાર છે ત્યારે મહાત્મા ગાંધીના ૧૫૦ વર્ષની ઉજવણી પણ આ તબક્કે કરવામાં આવનાર છે. ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ આ ઉજવણી માટે એક કમિટી બનાવી છે. જેમાં કલ્ચરલ ફોરમની રજતજયંતિ મહોત્સવની આ ઉજવણીમાં ગાંધી વિચારને પણ જોડવો જોઈએ. ગાંધી વિચારોને વેગ આપતા વિશેષ કાર્યક્રમો થવા જોઈએ. હાલ ગરમીનો પારો ઉંચો છે. ત્યારે કાળઝાળ ગરમીમાં જળઅભિયાનને પ્રજાએ જનઅભિયાન બનાવ્યુ છે. આવનારી પેઢી પાણીની તંગીમાંથી બહાર નિકળે તેવા પ્રયાસો કરવામાં આવી રહયા છે. ૫૦ ટકા જનભાગીદારીથી પાણીના દુકાળને ભુતકાળ બનાવવા માટે પ્રયાસ હાથ ધરાયા છે.પાણી વિના વિકાસ શક્ય નથી. ત્યારે સંસ્થાના સભ્યોએ પાણીનો વેડફાટ અટકાવવા માટે પ્રતિજ્ઞા લીધી તે બદલ તેમણે અભિનંદન પાઠવ્યા હતા. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહાએ જણાંવ્યુ હતુ કે છેલ્લા ૨૪ વર્ષથી સંસ્થા સંવેદનશીલ સમાજરચના તેમજ નગરને નવી ઓળખ આપવા માટે કાર્યરત છે.

### મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને સાવચેતીના તમામ પગલા વચ્ચે મતદાનની શરૂઆત થયા બાદ કેટલાક મતદાન મથકો પર લાંબી લાઈન જોવા મળી હતી. જ્યારે કેટલીક જગ્યાએ સવારમાં ઓછુ મતદાન રહ્યુ હતુ. જોકે બપોરના ગાળામાં મતદાનમાં તેજી આવી હતી અને મતદાનની ટકાવારી સતત વધતી ગઈ હતી. ઉંચામાં ઉંચા મતદાનની ખાતરી કરવા માટે ચૂંટણી પંચે પણ તમામ તૈયારી કરી હતી. આજે સવારે મતદાન કરતા પહેલા પૂર્વ મુખ્યપ્રધાન અને ભાજપના મુખ્યપ્રધાનપદના ઉમેદવાર યેદીયુરપ્પા મંદિરમાં દર્શન કરવા માટે પહોંચ્યા હતા. તમામ ટોપ નેતાઓએ શરૂઆતમાં જ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.કર્ણાટકમાં તમામ ઉમેદવારોના ભાવિનો ફેસલો કરવા માટે ચાર કરોડ ૯૬ લાખ મતદારો પૈકી મોટી સંખ્યામાં મતદારો બહાર નિકળ્યા હતા. હાઈ વોલ્ટેજ અને હાઈ પ્રોફાઈલ ચૂંટણી માટે ઝંઝાવતી પ્રચાર કરવામાં આવ્યા બાદ હવે ભાજપ અને કોંગ્રેસ દ્વારા પોતાની રીતે ગણતરી કરવામાં આવી રહી છે. એકબાજુ ભાજપ પ્રમુખ અમિત શાહે દાવો કર્યો છે કે તે એકલા હાથ ૧૩૦ સીટ જીતી જશે. બીજી બાજુ કોંગ્રેસ પાર્ટી પણ આશાવાદી છે.

### અથડામણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કે હિંસામાં બે લોકોના મોત થયા છે. સાથે સાથે ૩૦ લોકો ઘાયલ થયા છે. કેસરકરે શાંતિ જાળવી રાખવા માટે તમામ લોકોને અપીલ કરી છે. ઔરંગાબાદમાં મોડી રાત્રે હિંસાન શરૂઆત થઈ હતી. હિંસાના ગાળા દરમિયાન સ્થાનિક બજારોની બે દુકાનોને આગ ચાપી દેવામાં આવી છે. વધુ હિંસાને રોકવા માટે તંત્ર સાબદુ થઈ ગયુ છે. રાજ્ય સરકારે પણ હિંસાની ઘટનાની ગંભીર નોંધ લીધી છે. હિંસાના સંબંધમાં કેટલાક લોકોની ધરપકડ કરવામાં આવી છે. ઘટનાની માહિતી મળતાની સાથે જ જિલ્લાના આસી.પોલીસ કમિશનર ગોવર્ધન કોલેકર પોલીસ કાફલા સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ટોળાને કાબુમાં લેવા માટે ટીયરગેસના સેલ છોડવામાં આવ્યા હતા. આ કાર્યવાહીનો વિરોધ કરવા માટે ભીડમાં સામેલ થયેલા કેટલાક લોકોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. કેટલાક પોલીસ અધિકારીઓ સહિત ૧૦ પોલીસ જવાનો ઘાયલ થયા હતા. ત્યારબાદ તંગદિલીની સ્થિતિને ધ્યાનમાં લઈને હિંસાગ્રસ્ત વિસ્તારોમાં મહારાષ્ટ્ર પોલીસના જવાનો સહિત કેન્દ્રિય પોલીસ દળના જવાનો પણ તૈનાત કરવામાં આવ્યા છે.

### સંકેત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈન્ટરનેશનલ માર્કેટમાં ક્રુડ ઓઈલની કિંમત ૭૭ ડોલર

પ્રતિ બેરલના સ્તર પર પહોંચી ગઈ છે. બેંકનુ કહેવુ છે કે વર્ષ ૨૦૧૯ની બીજી ત્રિમાસિક અવધિ દરમિયાન સુધી આ આંકડો ૯૦ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે. આનુ કારણ વૈશ્વિક સ્તર પર ઉત્પાદનમાં કમીની સ્થિતી છે. બેંકના કહેવા મુજબ ઓપેક દેશોની તરફથી ઉત્પાદનને મર્યાદિત કરવામાં આવી શકે છે. બ્લુમબર્ગના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે અમેરિકા તરફથી ઈરાન પર મુકવામાં આવેલા પ્રતિબંધની અસર પણ દેખાઈ રહી છે. આ તમામ કારણોસર કિંમતોમાં વધારો થઈ શકે છે. બેંકના કહેવા મુજબ જો કિંમતોમાં ઉછાળો જારી રહેશે તો વર્ષ ૨૦૧૪ બાદ એટલે કે આશરે પાંચ વર્ષ બાદ ક્રુડ ઓઈલની કિંમતમાં વધારો થઈ શકે છે. ક્રુડ ઓઈલની કિંમતો ૧૦૦ ડોલર પ્રતિ બેરલના સ્તરને પાર કરી શકે છે. ભારતમાં હાલમાં આંતરરાષ્ટ્રીય ક્રુડ ઓઈલની કિંમત પહેલાથી જ ત્રણ વર્ષની ઉંચી સપાટી પર છે. આના માટે કેટલાક કારણો છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તરફથી ઈરાન પર ફરી એકવાર પ્રતિંધ મુકવામાં આવ્યા બાદ સ્થિતી જટિલ બની ગઈ છે. ઈરાને પહેલાથી જ સપ્લાયની કમીના કારણે સંઘર્ષ કરી રહેલા ક્રુડ માર્કેટને ફટકો આપ્યો છે. બેંક ઓફ અમેરિકા મેરિલ લિંચના રિપોર્ટમાં પણ કહેવામાં આવ્યુ છે કે આગામી ૧૮ મહિના પર નજર રાખવામાં આવનાર છે.